
# રવીન્દ્રનાથ ટાગોર
## અને રાષ્ટ્રવાદનો ખ્યાલ....


ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે


રવીન્દ્રનાથ ટાગોરની જન્મતારીખ 7 મે છે અને તેમની જન્મજયંતી આ વર્ષે 9 મેના રોજ હતી. ગઈકાલે તેમની જન્મજયંતી પૂર્ણ થઈ. આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે ટાગોરના જન્મજયંતીના દિવસે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીના શપથગ્રહણ થવાની વાત ચાલી રહી છે. પશ્ચિમ બંગાળની વાત આવે છે ત્યારે રવીન્દ્રનાથ ટાગોરનો ઉલ્લેખ આવે છે. પરંતુ રવીન્દ્રનાથ ટાગોર કે ગાંધી જેવી વિભૂતિના વિચારો તેમના ક્ષેત્રો પૂરતા મર્યાદિત નથી; બલકે તે પૂરા માનવસમાજનું ઘડતર કરે છે. તેમના વિચારોને કોઈ દેશ-ક્ષેત્રની મર્યાદા નડતી નથી. આવું અન્ય પણ ઘણાં મહાનુભાવો વિશે પણ કહી શકાય. રવીન્દ્રનાથ ટાગોરની જન્મતારીખ અને જન્મજયંતી ભલે વીતી ચૂકી હોય; પરંતુ તેમના વિચારોની આજેય પ્રવર્તમાન સ્થિતિ વિશે વાત થવી જોઈએ. ટાગોરનું પુસ્તક ‘રાષ્ટ્રવાદ’ની ચર્ચા આજના સમયમાં બંધબેસતી છે. ચારે તરફ જ્યારે રાષ્ટ્રવાદના નારા લાગી રહ્યા છે અને તેની બુમરાણમાં જ્યારે બીજું કશુંય સંભળાઈ નથી રહ્યું ત્યારે ખરેખર રાષ્ટ્રવાદ શું છે? તે ટાગોરે 1916 દરમિયાન વ્યાખ્યાયિત કરી આપ્યો હતો. 1916માં જ્યારે તેઓ અમેરિકા અને જાપાનના પ્રવાસે હતા ત્યારે તેમણે આ વિષય સંદર્ભે જે વક્તવ્યો આપ્યા હતા તે વક્તવ્યોનું પુસ્તક ‘રાષ્ટ્રવાદ’[અંગ્રેજીમાં ‘નેશનાલિઝ્મ’]ના મથાળેથી પ્રકાશિત થયું હતું. ટાગોરના આ પુસ્તકની ચર્ચા અવારનવાર થવી જોઈએ. ‘રાષ્ટ્રવાદ’ નામનું રવીન્દ્રનાથ ટાગોરનું પુસ્તક હિંદી સહિત અનેક ભાષામાં પ્રકાશિત થયું છે. હિંદીમાં તેનો અનુવાદ ડૉ. પરિતોષ માલવીય કર્યો છે; પરંતુ હવે તેની ભાળ માત્ર એક વેબસાઈટ ‘ધ ફોલોઅપ’ પર જ મળે છે. ગુજરાતીમાં ‘રાષ્ટ્રવાદ’નો અનુવાદ ગાંધીવિચારના અભ્યાસી ત્રિદીપ સુહૃદે કર્યો છે. વિવિધ અનુવાદમાંથી અહીંયા રાષ્ટ્રવાદનો સાર આપ્યો છે; તેમાં ડૉ. પરિતોષ માલવીય અનુવાદક તરીકેની પુસ્તકની ભૂમિકા બાંધતા લખ્યું છે કે : ‘દેશભક્તિ બદમાશોનું અંતિમ શરણસ્થળ છે.’ જાહેર વિમર્શમાં આજકાલ આ કથનનો ઉપયોગ રાષ્ટ્રવાદ રાજનીતિના વિરોધમાં કરવામાં આવે છે. બલકે ખરેખર તો સૂક્ષ્મ રીતે જોઈએ તો રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રવાદ મૂળતઃ અલગ-અલગ વિચાર દેખાય છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં સમગ્ર વિશ્વની રાજનીતિમાં વ્યાપક સ્તરે સત્તા પરિવર્તન જોવા મળ્યું છે અને રાષ્ટ્રવાદને પોતાનો મુખ્ય ધ્યેય માનીને ચાલનારાં પક્ષો અનેક દેશોમાં સત્તા હાંસલ કરી છે. તેનાથી વિપરીત કેટલાંક એવાં પણ રાજનેતા અને વિદ્વાન છે, જે રાષ્ટ્રવાદની ભાવના આધારીત રાજનીતિના પક્ષમાં નથી અને રાષ્ટ્રવાદને સર્વોચ્ચ વિચાર માનવાથી ઈનકાર કરે છે. પરંતુ એ પણ વક્રોક્તિ છે કે આ દુનિયામાં જ્યાં સુધી રાષ્ટ્રોનું ભૌગોલિક વિભાજન છે, ત્યાં સુધી રાષ્ટ્રવાદનું અસ્તિત્વ રહેશે.”

ઑક્સફોર્ડ ડિક્ષનરીમાં રાષ્ટ્રવાદને બે રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. એક - સમાન જાતિ, સંસ્કૃતિ અને ભાષાનું આદાનપ્રદાન કરનારાં લોકોનો સમૂહની સ્વતંત્ય રાષ્ટ્ર નિર્માણ કરવાની ઈચ્છા. અને બીજી - પોતાના દેશ પ્રત્યે પ્રેમ અને ગર્વની ભાવના, અને એવી ભાવના રાખવી કે પોતાનો દેશ અન્ય દેશોથી શ્રેષ્ઠ છે. તે પછી પ્રસ્તાવનામાં અનુવાદક આ સંદર્ભે વધુ પ્રશ્નો ઉઠાવતાં લખે છે કે, “શું ‘રાષ્ટ્રવાદ’ અને ‘દેશપ્રેમ’ અથવા તો ‘દેશભક્તિ’ શબ્દમાં કોઈ અંતર છે? વર્તમાન રાજકીય વ્યવસ્થામાં રાષ્ટ્રવાદથી વધુ સારો કે શ્રેષ્ઠ કોઈ વિકલ્પ છે? રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ હોવો અને રાષ્ટ્રવાદી હોવું એ એક જ બાબત છે? રાષ્ટ્રવાદ રાજકીય સાધન માત્ર છે? રાષ્ટ્રવાદ અને માનવતાવાદમાં કંઈ બાબત શ્રેષ્ઠ કહી શકાય? રાષ્ટ્રવાદી અન્ય દેશો પ્રત્યે આપણને વધુ નિષ્ઠુર બનાવે છે?” આવાં અનેક પ્રશ્નોનાં સંદર્ભે ટાગોરના ભાષણોમાં તેના ઉત્તર મળે છે.

પશ્ચિમી જગતને પહેલાં તો એ સંદેશો આપતાં કહે છે : “પશ્ચિમે પોતાના સ્વાર્થ ખાતર શક્તિનો ઉપયોગ કરીને પોતાને પૂરા વિશ્વ માટે અભિશાપ ન બનવું જોઈએ. બલકે અશિક્ષિતોને શિક્ષણ આપીને, અને નબળાઓની મદદ કરીને તેમને ભવિષ્યના જોખમથી સુરક્ષિત કરવા જોઈએ. કારણ કે નહીંતર શક્તિશાળી જ નબળાઓને એ માટે મજબૂર કરે છે કે તેઓ જ એક થઈને પોતાનો બચાવ કરે અને પોતાના ભૌતિક સુખસગવડને જ અંતિમ સત્ય ન માનવું, બલકે તેનાથી મુક્તિ મેળવીને જ તેની સેવા વ્યાપક બનાવવી જોઈએ.” પછી તેઓ રાષ્ટ્રની વાત રજૂ કરે છે અને કહે છે : “હું કોઈ રાષ્ટ્રના વિરોધી નથી. બલકે તમામ રાષ્ટ્રોની વિચારનો હું વિરોધી છું. રાષ્ટ્ર ખરેખર છે શું?” એને લઈને તેઓ કહે છે : “રાષ્ટ્રનો અર્થ છે - તમામ લોકોની સંગઠિત શક્તિ. સંગઠનનું જોર હંમેશા એ વાત પર રહે છે કે તમામ લોકો શક્તિશાળી અને સમર્થ બને. શક્તિ અને સામર્થ્ય પ્રાપ્ત કર્યા પછી આ અતિઉત્સાહ મનુષ્યની ઊર્જાને સારી પેઠે નિચોવી કાઢે છે અને પછી તે સમૂહને નૈતિક સ્તરથી નીચે લઈ આવે છે.” પછી તેનું પરિણામ શું આવી શકે તે વિશે ટાગોર જણાવે છે : “આ રીતે મનુષ્યની ત્યાગ કરવાની શક્તિ, નૈતિક શક્તિ અને ઉદ્દેશ્યથી તે ભટકી જાય છે. અને આ સંગઠન યાંત્રિક રીતે તેનાં સારસંભાળમાં શક્તિ ઝોંકી દે છે. તે પછી આ સંગઠનમાં જ નૈતિક ઉત્કર્ષનો અનુભવ કરવા માંડે છે અને માનવતા માટે તે ખૂબ ખતરનાક બની જાય છે. પછી તે પોતાના અંતરાત્માની અવાજ સાંભળી શકતો નથી. તે પોતાની જવાબદારીઓને એક એવી મશીનને સોંપી દે છે જે તેની બુદ્ધિમત્તાની ઉપજ છે. તેમાં કોઈ જ નૈતિકતા હોતી નથી. આ વિચારથી જ સ્વતંત્રતાને પસંદ કરનારાં લોકો પણ ગુલામી પ્રથાને પ્રોત્સાહિત કરવામાં એક ભાગ બની જાય છે.”







> “હું કોઈ રાષ્ટ્રનો વિરોધી નથી. બલકે તમામ રાષ્ટ્રોના વિચારનો હું વિરોધી છું. રાષ્ટ્ર ખરેખર છે શું?” એને લઈને તેઓ કહે છે : રાષ્ટ્રનો અર્થ છે - તમામ લોકોની સંગઠિત શક્તિ. સંગઠનનું જોર હંમેશાં એ વાત પર રહે છે કે તમામ લોકો શક્તિશાળી અને સમર્થ બને

વિશ્વનું કોઈ પણ મસમોટું સંગઠન લો, તેનું સ્વરૂપ ટાગોરે જે આલેખ્યું આપ્યું છે તેનાથી વેગળું હોતું નથી. તેમણે કહ્યું છે તે જ રીતે મશીનની જેમ તે ચાલે છે અને તેમાં માનવતાના જ કચ્ચરઘાણ નીકળે છે. રાષ્ટ્રવાદ કે અન્ય સંગઠનના નામે આ પૂરી વ્યવસ્થા કેમ ટકે છે તેનું પણ કારણ આગળ ટાગોર આપે છે : “આ રીતે વ્યવસ્થામાં એક અહંકાર પણ જન્મે છે અને આ અહંકાર તેમને કર્તવ્યનો અમલ કરવાનું હોય છે. સ્વભાવથી ન્યાયપ્રિય અને સારાં લોકો પણ કર્મ અને વિચારોથી નિર્દયી અને અન્યાયી હોઈ શકે છે, અને વધુમાં તેઓ એવો પણ વિચાર કરે છે કે આ રીતે તે દુનિયાને કર્મફળ પ્રાપ્ત કરવામાં મદદ કરી રહ્યા છે. સ્વભાવ અને કર્મથી પ્રામાણિક લોકો આત્મોત્કર્ષ માટે બીજાના માનવઅધિકારોને છીનવી શકે છે. અને ગરીબો પર દોષારોપણ કરીને એવું ઠસાવી શકે છે કે આનાથી વધુ સારો વ્યવહાર માટે તે યોગ્યતા નથી ધરાવતા.”

માણસના સ્વભાવ અને વ્યવહારને ટાગોરે સચોટ રીતે આલેખિત કરી આપ્યો છે અને તેમાં તેમણે તમામ પાસાંને ખોલી આપ્યા છે. જેમ કે આગળ તેઓનું કહેવું છે કે, “આપણાં રોજિંદા જીવનમાં આપણે જોયું છે કે વેપાર અને ઉદ્યોગ સાથે જોડાયેલા નાનાં નાનાં સંગઠન પણ લોકોમાં કઠોર ભાવનાઓ રોપે છે. આપણે સરળતાથી અનુમાન કરી શકીએ છીએ કે જ્યારે દુનિયાના તમામ લોકો રૂપિયા અને સત્તાની મેળવવા દોટ લગાવશે ત્યારે વિશ્વમાં કેવું નૈતિક પતન થશે.”

દુનિયાના કેટલાંક વ્યવહાર-નિયમ શાશ્વત છે અને તેને ટાગોરે બખૂબી દાખવી આપ્યા છે. તેમનું આ દર્શનને એક સદીથી વધુ સમય વીતી ગયો હોવા છતાં આપણી આસપાસનું વાતાવરણમાં આજે પણ તેમના દર્શનનાં વિશ્વને જોઈ શકીએ છીએ. વિશેષ કરીને તેમણે દાખવેલી રાષ્ટ્રવાદીની બદીઓ આજે વધુ નજરે પડી રહી છે. અને એટલે જ તે વખતેય તેમણે કહ્યું હતું : “રાષ્ટ્રવાદ એક મોટું સંકટ છે. આ વર્ષોથી ભારતની અનેક સમસ્યાઓનું કારણ છે.” આ વિધાન ભારત આઝાદ નહોતું ત્યારનું છે અને તેમાં તેમણે શાસકોના રાષ્ટ્રવાદની વાત કહી છે, પરંતુ આજે તે જ માર્ગે વર્તમાન ભારત આગળ ધપી રહ્યું છે. ટાગોરના વિચારોનું આલેખન નોબલ સન્માન મેળવનારાં અમર્ત્ય સેને પણ ‘અર્થતંત્ર ઈતિહાસ અને સંસ્કૃતિ’ પુસ્તકમાં કર્યું છે. તેઓ લખે છે : “ટાગોર આઝાદીના આંદોલનમાં ઉગ્ર રાષ્ટ્રવાદના પણ વિરોધી હતા. એ જ કારણે તેમણે સમકાલીન રાજકીય કાર્યક્રમોમાં ભાગ ન લીધો. તેઓ ભારતની આઝાદી ઈચ્છતા હતા પરંતુ વિશ્વના અન્ય હિસ્સામાંથી જે શીખી શકાય તે શીખવા પણ ઈચ્છુક હતા. તેમને ભય હતો કે પશ્ચિમને નકારીને આપણે પૂર્ણ રીતે ભારતીય પરંપરાનો અમલ કરીને પોતાને ખૂબ સંકુચિત બનાવી દઈશું. ટાગોરનો આવાં રાષ્ટ્રવાદ પ્રત્યે વિરોધ સતત વધતો રહ્યો. વિજ્ઞાની જગદિશચંદ્ર બોઝની પત્ની અબલા બોઝને 1908માં લખેલાં એક પત્રમાં ટાગોર લખે છે : ‘દેશભક્તિ એ આપણો અંતિમ આધ્યાત્મિક આશ્રય ન હોઈ શકે - મારો આશ્રય તો માનવતા હશે. હું હીરાની કિંમતમાં ચમકતાં પથ્થર નહીં ખરીદું. અને જ્યાં સુધી જીવિત છું ત્યાં સુધી દેશભક્તિનો માનવતા પર વિજય નહીં થવા દઉં.’ અને ‘ઘરે બાહિરે’ નામની તેમની નવલકથાના પાત્ર નિખિલ પણ અંત સુધી જે કહે છે તેમાં ટાગોરના દષ્ટિબિંદુને વિવેચકોએ જોયો છે. તેમાં નિખિલ કહે છે : “હું મારા દેશની સેવા કરવા તૈયાર છું. પરંતુ હું પૂજારી તો સત્યનો જ રહીશ. તેને દેશથી પણ હું મૂકું છું. પોતાના દેશને ઈશ્વર બનાવીને પૂજવો તે તેને અભિશાપ આપવા બરાબર છે.”

# અતા-પતા-લાપતા: ન નિશાન, ન સગડ


**‘તું કાય કરે છે પીટર?’**
**(તું શું કરે છે પીટર? )**
**...**
**‘તું કાંથી આવો?’**
**(તું ક્યાથી આવ્યો?)**
**...**

ક્રાઈમ કોડ
પ્રફુલ શાહ

સ્થાનિક ડાંગ બોલીમાં પૂછાયેલા બન્ને સવાલોની ઘોર અવગણના કરીને પીટર દૂર નજર ફેરવવા માંડ્યો. આમેય ૩૪-૩૫ વર્ષના પીટરને મફતમાં મોઢું ખોલવાની આદત નહોતી. લગભગ છ ફૂટની હાઈટ, પાતળો શ્યામવર્ણો દેહ, ઊંડી ઉતરી ગયેલી આંખ, ખરબચડા વાળ અને આડેધડ ઉગેલા દાઢી-મૂંછ અને ખાસ તો વિચિત્ર વર્તણૂકને લીધે નાનકડા પણ આખા ડાંગ જિલ્લામાં પીટર ભાગ્યે જ કોઈને ગમતો. પરંતુ એના માટેનું કુતુહલ શમવાને બદલે મોંઘવારી માફક વધતું હતું. ક્યારેય જવાબ ન મળે કે એ રહે છે ક્યાં અને કરે છે શું? આથી કોઈ ચીડમાં એને ‘પીટર પંચાયતીયો’ કહે, અમુક ‘પીટર જાસૂસ’ ગણાવીને અટ્ટહાસ્ય કરે અને કેટલાંક જુવાનિયા એને જોઈને અંદરોઅંદર ‘લાઈવ પી.જે.’ (જીવતી જાગતી નબળી મજાક)નું લેબલ આપીને ટીખળ કરતા.

આવા તમાશબીનોથી દૂર એકાંતમાં જઈને પીટરે પેન્ટના ગજવામાંથી મોબાઈલ ફોન કાઢીને એક નંબર ડાયલ કર્યો. બેલ વાગતી રહી પણ ફોન ઉપાડાયો નહિ.’ ચાલો વિનોદ રીપોર્ટર બીઝી છે તો હવે આપણે ય ફ્રી નથી.’

પીટરે બંડલમાંથી બીડી કાઢીને એક ઊંડો કસ ખેંચ્યો. હવામાં છોડેલા ધૂમાડાને જોઈને તે બબડ્યોઃ ‘તું ક્યા જાય છે એનાથી તું અજાણ છે. એમ જ મને નથી ખબર કે આટલી બધી પોલીસ કેમ ભેગી થવાની છે આહવામાં? શું પહેલીવાર કંઈ નવાજૂની જોશે ડાંગ દરબાર?’



એ દિવસ હતો શુક્રવાર. ૨૦૨૫ની સાતમી માર્ચ. બીજા દિવસ એટલેકે આઠ માર્ચથી ડાંગ દરબારની ઉજવણી રાબેતા મુજબ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતી ખૂબ જ ભવ્ય રીતે શરૂ થવાની હતી. એ વર્ષે ડાંગ દરબારનો આ મેળો ૮ થી ૧૨ માર્ચ એટલે કે શનિવારથી બુધવાર દરમિયાન ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે યોજાવાનો હતો.

ડાંગ દરબારની ઉજવણી માટે ચોમેર ભારે ઉત્સાહ હતો, અમુક લોકોમાં થોડાઘણા ઉચાટ અને ફિકર પણ. આ યાદીમાં મોખરે હતા ડાંગ જીલ્લાના મુખ્ય પોલીસ અધિકારી એસ. પી. એટલે કે પોલીસ સુપ્રિટેન્ડન્ટ અને સુરેન્દ્ર પુષ્કર્ણા. નખશીખ કાર્યદક્ષ એસ. પી. ચાના કપને ભૂલીને સામે પડેલા કાગળને જોઈ રહ્યા. કોરા ફુલસ્કેપમાં જરાક અમથું લખાણ હતુંઃ ‘તાકાત હો તો ડાંગ દરબાર ફેસ્ટિવલ શાંતિ સે કરવા લો. હમ ને ચેતાવની દે દી. ફિર રોના મત કિ બોલા નહિ’.

> કોરા ફુલસ્કેપમાં જરાક અમથું લખાણ હતુંઃ ‘તાકાત હો તો ડાંગ દરબાર ફેસ્ટિવલ શાંતિ સે કરવા લો. હમ ને ચેતાવની દે દી. ફિર રોના મત કિ બોલા નહિ’

આગલે દિવસે એટલે કે ૨૪મી માર્ચે ટપાલમાં આવેલા આ ચોંકાવનારા મેસેજના કવર પર મહારાષ્ટ્રના પડઘાની પોસ્ટ ઓફિસનો સિક્કો હતો. સચેત પોલીસ ઓફિસર હોવાથી એસ.પી. જાણતા હતા કે ક્યારેક મહારાષ્ટ્રના થાણે જીલ્લાના ભીવંડી તાલુકાનું આ પડઘા ગામ ખૂબ છાપે ચડ્યું હતું. જોડિયા ગામ પડઘા-બોરીવલીના પાંચ શખ્સોને મુંબઈના ૨૦૦૨ના બસ વિસ્ફોટ અને ૨૦૦૩ના બ્લાસ્ટ કેસના આરોપી ગણાવ્યા હતા. ૨૦૨૩માં નેશનલ ઈન્વેસ્ટીગેટીવ એજન્સીએ જિહાદી જૂથ આઈ.એસ.આઈ.એસ. (ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા) માટે કામગીરી બજાવવાના આરોપસર પડઘા- બોરીવલીથી ૧૫ જણાંની ધરપકડ કરી હતી, અને અહિંના સિક્કાવાળા કવરમાં ધમકી આવી!

આનાથી એસ.પી. ન ઘાંઘા થયા કે ન ધમકીને હળવાશથી લીધી. વરસોના અનુભવ નથી. અમુક ધારણા મનમાં બંધાઈ. પરંતુ માન્યતા કાયમ સાચી ન પણ પડે. સમયને રજા હોતી નથી. એટલે વધુ સમય બગાડ્યા વગર તેમણે ઈન્ટરકોમ પર ટેલિફોન ઓપરેટર યજ્ઞેશ શેટ્ટીને આદેશ આપ્યોઃ એલસીબીના જયદીપ રાઠોડને કહો કે આવીને મને મળે અને હા આપણા બધા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને મેસેજ આપો કે સાંજે સાડા સાત સુધીમાં હેડ ઓફિસે હાજર થઈ જાય.’

ઓપરેટર શેટ્ટી એસપી સાહેબે ચીંધેલા કામ પતાવીને બાથરૂમમાં ગયો. મોબાઈલ ફોનથી એક નંબર ડાયલ કરીને થોડીવારમાં દબાતા અવાજે બોલ્યોઃ’ ધ્યાનથી સાંભળ પીટર... ‘

આ શરૂઆત હતી એક ઘટમાળની જે બની રહેશે કલ્પનાતીત અતા-પતા-લાપતા જેના નહિ મળે નિશાન કે નહિ દેખાય સગડ.

(ક્રમશઃ)

## કોંગ્રેસનો અભિનેતા વિજય સાથે જૂનો નાતો

ઈધર-ઉધરકી
આરતી જેરથ



એવું લાગે છે કે કોંગ્રેસ અને અભિનેતા વિજય (જેની પાર્ટી ટીવીકેએ તમિલનાડુમાં શાનદાર પ્રદર્શન કર્યું છે) વચ્ચેની નિકટતા નવી નથી. વિજય અને તેના પિતા, ફિલ્મ-નિર્માતા એસ.એ. ચંદ્રશેખર, તમિલનાડુમાં કોંગ્રેસના શાસનકાળથી જ પાર્ટીના મોટા પ્રશંસક રહ્યા છે. ચેન્નાઈમાં ટીવીકેના મુખ્યાલયમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા કે કામરાજની પ્રતિમા પણ છે. ખરેખર તો, વરિષ્ઠ ચંદ્રશેખરે ચૂંટણી પહેલાં કહ્યું હતું કે, તેઓ તમિલનાડુમાં કોંગ્રેસના સુવર્ણ દિવસો પાછા જોવા માંગે છે. તેમણે કોંગ્રેસ અને ટીવીકે વચ્ચેના ગઠબંધનનું પૂરેપૂરું સમર્થન કર્યું હતું.

વિજયે પોતાની રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ જાહેર કરી અને ટીવીકેની સ્થાપના કરી તેના ઘણા સમય પહેલાં તેઓ અને રાહુલ ગાંધી મળ્યા હતા. આ ૨૦૦૯ની વાત છે જ્યારે મનમોહન સિંહના નેતૃત્વવાળી યુપીએ સરકાર સત્તામાં હતી. આ મુલાકાત રાહુલ ગાંધીની પહેલ પર થઈ હતી, પરંતુ તે સમયે વિજય માત્ર ફિલ્મો પૂરતો મર્યાદિત હોવાથી મીડિયાનું ધ્યાન ગયું નહોતું. તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં મણિ ટાગોર અને પ્રવીણ ચક્રવર્તી જેવા યુવા નેતાઓએ ટીવીકે સાથે ગઠબંધન કરવાની હિમાયત કરી હતી. જોકે, મલ્લિકાર્જુન ખડગે અને પી. ચિદમ્બરમની સલાહ માનીને રાહુલ ગાંધીએ સુરક્ષિત રસ્તો અપનાવ્યો અને ડીએમકે સાથે જવાનું નક્કી કર્યું, પરંતુ વિજયે પોતાની તાકાત સાબિત કરી દીધી અને અંતે કોંગ્રેસ સાથે ગઠબંધન પાકું કરી લીધું.

## અભિનેતા વિજય- ફિલ્મી પડદેથી રાજકારણ સુધીની સફર



વિજયની ફિલ્મી કારકિર્દીને નજીકથી જોનારા લોકો કહે છે કે, તેણે ખૂબ જ કાળજીપૂર્વક અને ચતુરાઈથી ફિલ્મો દ્વારા રાજકારણમાં પ્રવેશનો માર્ગ તૈયાર કર્યો હતો. શરૂઆતમાં તે એક રોમેન્ટિક હીરો તરીકે દેખાતો હતો, જે હીરોઇનોનો પીછો કરતો હતો અને તેના માટે પ્રેમભર્યા ગીતો ગાતો હતો, પરંતુ છેલ્લા એક દાયકામાં તેણે પોતાની છબી સંપૂર્ણપણે બદલી નાખી.

તેણે ફિલ્મોમાં ભ્રષ્ટાચાર સામે લડતા, ગરીબોનો અવાજ બનતા અને ગુંડાઓ સામે બાથ ભીડતા એક ’એન્ટી-એસ્ટાબ્લિશમેન્ટ’ (વ્યવસ્થા વિરોધી) નેતા તરીકેની ભૂમિકાઓ ભજવવી શરૂ કરી. જેવી રીતે ૧૯૭૦ અને ૮૦ના દાયકામાં અમિતાભ બચ્ચને ’એન્ગ્રી યંગ મેન’ની છબી બનાવી હતી, વિજયે પણ કંઈક એવું જ કર્યું. આનાથી તે યુવાનોમાં લોકપ્રિય બન્યો અને તેના રાજકીય પ્રવેશનો પાયો નખાયો. હવે સમય જ કહેશે કે, તે તમિલનાડુના રાજકારણમાં વધુ એક એમજીઆર (એમ. જી. રામચંદ્રન) જેવો સફળ સાબિત થાય છે કે પછી આમ આદમી પાર્ટીના કેજરીવાલની જેમ ફેંકાઈ જાય છે.

## શુભેન્દુ અધિકારીના મદદનીશોનાં મોતનાં રહસ્યો



પશ્ચિમ બંગાળના ’જાયન્ટ કિલર’ ગણાતા શુભેન્દુ અધિકારી, જેમણે મમતા બેનર્જીને તેમના ગઢ ભવાનીપુરમાં હરાવ્યા હતા, તેમના એક નજીકના સાથી પર થયેલા કાયરતાપૂર્ણ હુમલાના સમાચાર મીડિયામાં ચર્ચાઈ રહ્યા છે. મમતા બેનર્જી આ મતવિસ્તારમાંથી 14 વાર જીત્યાં છે, પરંતુ પશ્ચિમ બંગાળમાં આવેલી ભાજપની લહેરમાં તેઓ હારી ગયાં હતાં. જોકે, એવું લાગે છે કે, **અધિકારીના મદદનીશોનો ઇતિહાસ કમનસીબ અને અકુદરતી મૃત્યુથી ભરેલો રહ્યો છે.** અધિકારીના કેટલાય મદદનીશોનાં મોત અસ્વાભાવિક પરિસ્થિતિઓમાં થયાં છે. **વર્ષ 2013માં તેમના અંગત સહાયક પ્રદીપ ઝા પોતાના જ ઘરમાં લટકતી હાલતમાં મળી આવ્યા હતા.** તે સમયે અધિકારી મમતા બેનર્જીના સૌથી નજીકના સલાહકારોમાંના એક હતા અને ખુદને તેમના ભાવિ ઉત્તરાધિકારી પણ માનતા હતા. ત્યાર બાદ, **2018માં તેમના અંગત અંગરક્ષક (બોડીગાર્ડ) શુભવ્રત ચક્રવર્તીની હત્યા કરવામાં આવી હતી.** ત્રણ વર્ષ પછી **2021માં તેમના વધુ એક નજીકના સાથી અને વિશ્વાસુ કાઉન્ટિંગ એજન્ટ પુલક લાહિરીની પણ હત્યા કરવામાં આવી હતી.** અને હવે, ભવાનીપુર અને તેમના હોમ ટર્ફ ગણાતા નંદીગ્રામમાં અધિકારીની બેવડી જીત બાદ તરત જ તેમના વધુ **એક સહયોગી ચંદ્રનાથ રથની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.** ખરેખર, અધિકારીના નજીકના સાથીઓ બાબતે તેમની કમનસીબીનું સ્તર અત્યંત દુઃખદ રહ્યું છે.

